**Gujarat Council of Professional Civil Engineers**
Created under Gujarat Act 19 of 2006
☎ 07923258793/94
ao-gcpce@gujarat.gov.in
Dr.JivrajMahetaBhavan, Block no.2/2
Sector-10, Gandhinagar-382010

## આગામી કાર્યવાહી દર્શાવતી નોંધ:

પ્રોફેશનલ સીવીલ એન્જીનીયર્સ રજીસ્ટ્રેશન માટે લેવાનાર પરીક્ષા અંગેનું આયોજન કાઉન્સીલ દ્વારા શૈક્ષણિક અને મકાન બાંધકામ અનુભવ ની લાયકાત ધરાવતાં તથા પ્રોફેશનલ સિવિલ ઈજનેર તરીકે રજીસ્ટ્રેશન કરાવવા કાઉન્સીલ ખાતે અરજી કરેલ વ્યવસાયીક બાંધકામ ઇજનેરોની પરીક્ષા તા.૧૨-૦૬-૨૦૨૨ ના રોજ લેવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનું નોટીફીકેશન કાઉન્સીલ દ્વારા તા.૧૬-૦૨-૨૦૨૨ તથા ૧૮-૦૩-૨૦૨૨ ના સંદેશ તથા ગુજરાત સમાચાર ન્યુઝ પેપરની દરેક આવૃતિમાં આપવામાં આવેલ છે. (નોટીફીકેશન ની નકલ જાણ સારૂ બિડેલ છે.) પ્રોફેશનલ સીવીલ એન્જીનીયર્સ તરીકે રજીસ્ટ્રેશન કરાવવાની ઇચ્છા ધરાવતા ઉમેદવારો એ

- તા.૨૦-૦૪-૨૦૨૨ પહેલાં કાઉન્સીલ ની વેબસાઇટ પર જઇ ઓનલાઇન અરજી જરૂરી આધાર પુરાવા સાથે કરવાની રહેશે.અરજી સાથે આપવાના થતાં આદ્દહાર પુરાવા માટેની સામાન્ય ગાઇડલાઇન કાઉન્સીલ ની વેબ સાઇટ પર મુકવામાં આવેલ છે.
- તા. ૨૦-૦૫-૨૦૨૨ સુધીમાં અરજીની સ્કૃટીની શૈક્ષણિક અને અનુભવ ની લાયકાત ના આધારે થઇ મંજુરી/નામંજુરી ની ખબર આપવામાં આવશે
- મંજુર થયેલ અરજીના અરજદારો એ પરીક્ષા ફી પરીક્ષા ફી ભરનાર અરજદારો જ પરીક્ષા આપી શકશે.
- પરીક્ષા ફી ભરનાર ને ઓન લાઇન હોલ ટીકીટ ઇસ્યુ કરવામાં આવશે
- તા. ૧૨-૦૬-૨૦૨૨ ના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ચ-૫ સર્કલ, ગાંધીનગર ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે,જેમાં જરૂરીયાત પ્રમાણે કાઉન્સીલ દ્વારા જો ફેરફાર કરવામાં આવશે તો તેની આગોતરી જાણ સબંધિતોને કરવામાં આવશે.
- પરીક્ષા સમય, પેપર સ્ટાઇલ, સીલેબસ તથા પરીક્ષા અંગેની અન્ય માહિતી ઓન લાઈન અત્રેની વેબ સાઇટ પર વખતો વખત મુકવામાં આવશે.
- વેબ સાઇટ: https://gcpce.gujarat.gov.in
- લેન્ડ લાઇન ફોન નં. ૦૭૯૨૩૨૫૮૭૯૩,૯૪,૯૫

રજીસ્ટ્રાર, જીસીપીસીઇ, ગાંધીનગર

Gujarat Council of Professional Civil Engineers
Created under Gujarat Act 19 of 2006
07923258793/94
ao-gcpce@gujarat.gov.in
Dr.JivrajMahetaBhavan, Block no.2/2
Sector-10, Gandhinagar-382010

## વિધાનસભા ગૃહ માં મંજુર થયેલ ગુજરાત કાઉન્સીલ ઓફ પ્રોફેશનલ સીવીલ એન્જીનીયર્સ- વિધેયક ના ઉદ્દેશો અને કારણો :(ગુજરાત અધિનિયમ-૧૯-૨૦૦૬)

રાજ્યમાં ઝડપી શહેરીકરણને કારણે, મકાન બાંધકામની પ્રવૃત્તિ, અપૂરતા વિનિયમો સાથે, ઝડપથી વધી છે. દર વર્ષે, મોટા પ્રમાણમાં વિવિધતાવાળા મકાનો, રહેણાંકના મકાનો બાંધવામાં આવી રહ્યા છે. બાંધકામની પ્રવૃત્તિ વધવાની સાથે, લાયકાત ન ધરાવતી વ્યક્તિઓ મકાનની ડિઝાઇન અને બાંધકામનું કામ હાથ ધરેછે, જે ઘણીવાર અસુરક્ષિત બનેછે. તારીખ: ૨૬મી જાન્યુઆરી,૨૦૦૧ના રોજ રાજ્યના જે વિસ્તારોમાં ધરતીકંપ થયો હતો તે વિસ્તારોમાં આ બાબત ધ્યાન ઉપર આવી હતી. મકાનોની ડિઝાઇન અને બાંધકામ જો સુરક્ષિત હોત, તો માનવજીવનને થયેલું નુકશાન ટાળી શકાયું હોત. આથી બાંધકામ ઇજનેર તરીકે કામ કરતી, લાયકાત ન ધરાવતી વ્યક્તિઓથી સામાન્ય જનતાનું રક્ષણ કરવા માટે વૈધાનિક વિનિયમો જરૂરીછે. તે હેતુ માટે, વ્યવસાયી સિવિલ એન્જિનીયર્સને રજિસ્ટર કરવા માટે ગુજરાત કાઉન્સીલ ઓફ પ્રોફેશનલ સિવિલ એન્જિનીયર્સ નામે એક મંડળની રચના કરવા ધાર્યું છે. શરૂઆતમાં, આ કાયદા(વિધાન) ના આરંભના સમયે સિવિલ એન્જિનીયર્સની લાયકાત ધરાવતી અને સિવિલ એન્જિનીયર્સ તરીકે કામ કરવાનો ઓછામાં ઓછો પંદર વર્ષનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિઓને વ્યવસાયી સિવિલ એન્જિનીયર્સ તરીકે રજિસ્ટર કરવામાં આવશે. ત્યારપછી, સિવિલ એન્જિનીયર તરીકેની જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતી હોય અને જેણે કાઉન્સીલે યોજેલી પરીક્ષા પાસ કરેલી હોય તેવી વ્યક્તિઓને જ વ્યવસાયી સિવિલ એન્જિનીયર ને રજિસ્ટર કરવામાં આવશે. વ્યવસાયી સિવિલ એન્જિનીયર તરીકે રજિસ્ટર થયેલી હોય તેવી વ્યક્તિને, કાઉન્સીલ દ્વારા વ્યવસાયનું પ્રમાણપત્ર આપવામાં આવશે. વ્યવસાયનું પ્રમાણપત્ર ધરાવતી ન હોય તેવી વ્યક્તિ વ્યવસાયી સિવિલ એન્જિનીયર તરીકે નિર્દેશિત કામ (વ્યવસાય) કરવા હકદાર રહેશે નહિ.